શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાળ જૈન મહાજન
જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૮ • સળંગ અંક : ૪૦૭ • તા. ૨૮ માર્ચ થી ૩ એપ્રિલ ૨૦૨૬


**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (West), Mumbai - 400 604.




# નલિયા તીર્થે જિનાલય શુદ્ધિકરણ તેમજ અઢાર અભિષેકનું ભવ્ય આયોજન થયુ



Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai
GJF
Life Member
SHUBH
DIAMONDS
RAJESH MOMAYA
9884149494
# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.
For Business Queries : 044-4314 1444
www.shubhdiamonds.com
Contact : 9884899494
E.Mail : pratik.mota@shubhdiamonds.com
-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી

ચંદ્રેશ વિરચંદ છેડા



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

C/o. Jaydeep Group, # 203, Jaydeep Emphasis, 2nd Floor, Opp. PNB Bank, Near Datta Mandir, Above Saraswat Bank, Waghle Estate, Thane (W), Mumbai - 400 604.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

**સંપાદક સ્થાનેથી**

# આપણી નકારાત્મક મનોવૃત્તિને બદલીએ

જીવનમાં દરેક બાબતોની બે બાજુ હોય છે. નકારાત્મક અને હકારાત્મક. કોઈપણ પરિસ્થિતિનો સામનો આ બન્નેમાંથી કોઈપણ એક રીતે થઈ શકે છે. જે નિર્ણાયાત્મક થાય છે. જે વ્યક્તિ નકારાત્મક વિચારધારા ધરાવે છે તેને માટે બધું નકારાત્મક થઈ જશે અને જે વ્યક્તિ સકારાત્મક વિચારધારા ધરાવે છે તેને માટે બધું સારું વિધાયક થઈ રહેશે. આપણી આસપાસ ઘડાય છે તેના સ્ત્રોત આપણે પોતે જ હોઈએ છીએ. આપણું મન જેવું હશે તેવું આપણને દેખાશે. એટલે જ તો કહેવાયું છે કે જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ. દરેક બાબતમાં આપણું વલણ ખોડખાંપણ કાઢવાનું જ હોય તો સારું ક્યાંથી દેખાવાનું? ખરાબ નજર, ખરાબ વૃત્તિ એ સામેવાળામાં ખામી નથી આપણ પોતાની ખામી છે. આપણામાં ખરાબી રહેલી છે જે કોઈનું સારું જોઈ શકતી નથી. આપણા સ્વભાવની વક્રતા અન્યનું સારું સાચુ જોઈ શકતી નથી. જીવનમાં સતત નકારાત્મક ભૂમિકા માણસને કોરી નાખે છે. કારણ કે આ નેગેટિવી આપણી ચેતન, શક્તિ અને ઓજસનો અસ્ત કરી દે છે. આ નકારાત્મક વિચારધારા આખરે યાતના, દુઃખ અને પીડામાં પલટાઈ જાય છે.

કોઈપણ પરિસ્થિતિ કાયમી નથી. જીવનમાં ઘટતી દરેક બાબતોનો ઉદાર મનોભાવથી સ્વીકાર કરી લઈએ તો મોટા ભાગની સમસ્યાઓ કે પરિસ્થિતિ દૂર થઈ જાય છે. સાનુકુળ થઈ જાય છે. અન્યોની સાથે ચાલવા કરતાં આપણે તેઓની સામે ઊભા રહીએ છીએ. જે દુશ્મની, અદાવતનો પાયો રોપી દે છે. અંજપો, ચિંતા અને અસુખ આને કારણે આપણે ભોગવીએ છીએ. સમયના વહેણ સાથે પડવા કરતા તેની સાથે ચાલીએ, વહીએ તો એ વહેતી ધારા આપણી મદદગાર થાય છે. જે વિચાર, વર્તન સાથે વિધાયક ભાવે જોડાશું તો એના લીધે તે આપણી શક્તિને બળ બની જશે. દુઃખ-સુખમાં, યાતના રાહતમાં, નિષ્ફળતા સફળતામાં પલટાઈ જશે. વિરોધ કરવા કરતાં વિધાયક ભૂમિકાથી સમય, સંજોગ અને પરિસ્થિતિ બદલાય છે. એટલે જ તો પરિસ્થિતિ અસ્તિત્વ, સમય અને સંજોગ કાળનો સ્વીકાર એજ જીવન છે.

હંમેશા અન્યોના વિચારો અને વલણને પ્રત્યે સકારાત્મક ભાવ ધરાવવા જોઈએ. દરેકના વિચાર વલણ આપણી અનુકુળ ન હોય તો પણ તેને સાનુકુળ આપણે થઈ જઈએ, તેની સાથે સકારાત્મક થઈ જઈએ તો સંઘર્ષ ન સર્જાય અને શાંતિ, સુખ, સદ્‌ભાવનો માહોલ સર્જાય. જે આગળ નકારાત્મક વલણ હારી જાય છે. હટી જાય છે. બધે બધું આપણી મરજી મુજબ ચાલવાનું નથી. જીવનના પ્રવાહને આપણી ઈચ્છા મુજબ વાળી શકાય નહી પણ તેને અનુકુળ થઈ આપણે વહીએ તો તેની મજા અનન્ય હોય છે. અસ્તિત્વ, પરિસ્થિતિ, સમય, સંજોગો અને કાળનો સ્વીકાર કરવું એ જ જીવનની ભૂમિકા રહેવી જોઈએ. વ્યક્તિને સુખ જોઈએ છે. દુઃખ જોઈતું નથી સારું જોઈએ છે. પણ ખરાબ-ખોટું પડતું મૂકી દઈએ છીએ. દરેક સારી ખરાબ વૃત્તિ એક સિક્કાના બે ભાગ જેવા છે. જેમ દરેક વસ્તુના બે છેડા હોય છે જે ખુલ્લા હોય છે. એમાંથી કયો છેડો પકડવો એ આપણી મનોવૃત્તિ વલણ પર આધારીત છે. જીવન જીવંત, ધબકતું રહેવું કે અટકાવી દેવું આપણા હાથની વાત છે.

– જય જ્ઞાતિમૈયા

# અઢી અક્ષરનો પ્રેમ

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ
(સેક્રેટરી જનરલ)

તમને કોઇ પ્રેમ કરેતો ભાગ્ય સમજવું અને કોઇ સમજી શકે એવું મળે તો સૌભાગ્ય સમજવું આવું કોઇ જ્ઞાનીજને કહ્યું છે. પ્રેમ એક અજબની અનુભૂતિ છે. જયારે સંબંધમાં સ્વાર્થનું તત્વ દૂર થઇ જાય અને માત્ર પ્રેમ અને પ્રતિબધ્ધતાનું તત્વ ઉમેરાય ત્યારે આ ઢાઇ અક્ષરનો સંબંધ જન્મ અને જીવન સુધારી દે છે.

વસંતના આગમન ટાણે જ અંગ્રેજી માસ ફેબ્રુઆરીની ૧૪મી તારીખે વિદેશીઓની પરંપરા મુજબ વેલેન્ટાઇન દિવસને ચાળે આપણા ભારતીયો રંગાઇ જાય છે. પ્રેમ બતાવવાનો એક દિવસ હોઇ જ ન શકે પ્રેમ એ તો રોજે રોજે કરવાનો અને માણવાનો દિવસ છે. પાછલાં કેટલાક વર્ષોથી વેલેન્ટાઇન ડે નો ક્રેઝ આપણા દેશમાં વધી ગયો છે. ફેબ્રુઆરી આવતાંની સાથે બજારો વિવિધ ભેટ વસ્તુઓ, ફૂલો અને અગણિત ચીજોથી લાલ કલરના રંગે રંગાઇ જાય છે. આ બધી માર્કેટમાં ગ્રાહકોને તાણી લાવવાની ચાલ છે. ખરેખરતો પ્રેમને બજાર-માર્કેટ સાથે કોઇ લેવા દેવા નથી. સાચો પ્રેમ ભૌતિક ચીજો માં રાચતો નથી. બજાર પ્રેમની ઉજવણી માટે સાધનો આપી શકે છે પરંતુ પ્રેમનું મૂલ્ય પૈસાથી પામી શકાય નહીં. સાચો પ્રેમ આત્મબલિદાન માગે છે. અહમનો ત્યાગ માગે છે. પ્રેમ એક ગહન લાગણી, ગૂઢ અહેસાસ છે. જેને ખરીદી કે વેચી શકાતી નથી. ફકત હૃદયની ઊંડાણેથી પ્રેમની અભિવ્યકિત કરી શકાય છે.

પ્રેમને કોઇ ભાષામાં સંપૂર્ણ અને સફળપણે વ્યકત કરવો અશકય છે. પ્રેમ એટલો વિશાળ છે કે આકાશ પણ વામણું લાગે અને એટલો ગહન છે કે મહાસાગરનું તળ પણ ઢૂંકડું લાગે. પ્રેમનું સ્વરૂપ અનંત છે. પ્રેમને ફકત એ જ સમજી શકે છે જેણે પ્રેમ કર્યો છે, જેણે પ્રેમમાં બલિદાન આપ્યું છે. સાચો પ્રેમ એ છે જેમાં કોઇ ઇચ્છા-અપેક્ષા કે શરતો નથી. પ્રેમ એ આત્મા નું વિતરણ છે. જેમાં અહંકારનો ત્યાગ કરી વિલીન થયા બાદ પણ સંપૂર્ણતા નો અનુભવ થાય છે. આ અઢી અક્ષર જ સમગ્ર જીવનમાં સુખ અને રોમાંચ ભરી દે છે.

સંબંધ હમેંશા બે હાથની તાળી જેવો છે. આપસી સંબંધોમાં બધી અપેક્ષાઓ સામેવાળી વ્યકિત પાસેથી જ રાખવાને બદલે પોતાની સમજણ પણ વિકસાવી ખુબ જરૂરી છે. મોટા ભાગના સંબંધો એટલે તૂટી જાય છે કે બંન્ને પક્ષે વધુ પડતી અપેક્ષાઓ અને ફરિયાદો રહે છે. કોઇ સંબંધને પકડીને બાંધી રાખી તો દોર લાંબો સમય સુધી ટકી ન શકે. એકબીજાની ભૂલોને સ્વીકારીને માફ કરતાં આવડે તો સંબંધ નું આયુષ્ય વધે છે. સાચી સમજણથી જ દરેક વ્યકિતને પોતાની બનાવી શકાય છે. પ્રેમ સંબંધ માત્ર વિજાતીય પાત્રો વચ્ચે નહીં પણ પતિ-પત્ની, મા-દીકરી, સાસુ વહુ, ભાઇ બહેન, મિત્ર મિત્ર વચ્ચે જે આત્મીય, સમર્પણ લાગણી હોય તે પણ પ્રેમ છે.

પ્રેમ એ એક દિવસની ઉજવણી નથી, મોંઘી ભેટ, ચાંપલા શબ્દો, દેખાડા કરતી રીલ કરતાં એકબીજાને સાંભળવું, સમજવું, સમય આપવું એ પ્રેમની અભિવ્યકિત કરવાની વાત છે. દરેક વ્યકિતનું પોતાનું અંગત વિશ્વ હોય છે. કોઇ પણ વ્યકિત સંપૂર્ણ નથી. બીજાઓની ખામીઓ શોધવાને બદલે પ્રેમપૂર્વક પોતાની જવાબદારી સમજવી પણ જરૂરી બને છે. સામેવાળાનું માન જાળવું જરૂરી છે. પ્રેમ દેખાડવા કે વ્યકત કરવા કોઇ તારીખ કે દિવસની જરૂર નથી. પ્રેમ એ એક દિવસની ઉજવણી નથી પ્રેમતો આખા જીવન ખપાવી દેવાની લાગણી છે. એટલેજ કબીરએ લખ્યું છે. ‘પોથી પઢ-પઢ જગ મુઆ, પંડિત ભયા ન કોય, ઢાઇ અક્ષર પ્રેમકા પઢે સો પંડિત હોય.’


### જ્ઞાતિમૈયામાં ડિઝીટલ મેગેઝીનમાં જાહેરાતોના દરો

| પ્રકાર | સાઇઝ | ૧ વખત | ૪ વખત/૧ મહિના | ૧૩ વખત/૩ મહિના | ૨૬ વખત/૬ મહિના | ૫૨ વખત/૧૨ મહિના |
|---|---|---|---|---|---|---|
| આખું પાનું | 154 x 230 mm | 1,000.00 | 3,500.00 | 10,000.00 | 18,000.00 | 35,000.00 |
| અડધુ પાનું | 154 x 110 mm | 800.00 | 3,000.00 | 9,000.00 | 15,500.00 | 30,000.00 |
| પા પાનું | 75 x 110 mm | 500.00 | 1,800.00 | 5.500.00 | 10,500.00 | 20,000.00 |

ચેક SHRI SAMASTA KUTCHI DASA OSWAL JAIN MAHAJAN ના નામે લખવા

# નલિયા તીર્થે જિનાલય શુદ્ધિકરણ તેમજ અઢાર અભિષેકનું ભવ્ય આયોજન થયુ



અતિ પુણ્યમય એવા નલિયા તીર્થે દર્શનશુદ્ધિ પરિવારના સભ્યો દ્વારા તા. ૨૧ માર્ચના રોજ જિનાલય શુદ્ધિકરણ અને તા. ૨૨ માર્ચના રોજ અઢાર અભિષેકનું બે દિવસીય ભવ્ય અને ભક્તિમય આયોજન ખૂબ જ ભાવભર્યા વાતાવરણમાં સફળતાપૂર્વક પૂર્ણ થયું હતું. આ સમગ્ર આયોજન ભક્તિ, સેવા, સમર્પણ અને સંગઠનનું એક અનોખું અને પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યું હતું.

તા. ૨૦ માર્ચના રોજ દર્શનશુદ્ધિ પરિવારના ૬૦ સભ્યો રાત્રે ૧૧:૩૦ કલાકે નલિયા તીર્થે પધાર્યા હતા. સૌએ તીર્થધામમાં પધારીને રાત્રિ વિશ્રામ કર્યો. બીજા દિવસે વહેલી સવારે તા. ૨૧ માર્ચના રોજ મંગલ પ્રારંભ સાથે જિનાલય શુદ્ધિકરણનું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું.

શુદ્ધિકરણનું કાર્ય માત્ર સફાઈનું કાર્ય નહોતું, પરંતુ તે પ્રભુભક્તિ, સેવા અને આંતરિક શુદ્ધિનો એક પવિત્ર ઉપક્રમ બની ગયો હતો. દર્શનશુદ્ધિ પરિવારના સભ્યો દ્વારા અવિરત મહેનત, સંપૂર્ણ સમર્પણ અને નિઃસ્વાર્થ સેવાભાવથી દરેક જિનાલયને અંદરથી અને બહારથી સ્વચ્છ, ચોખ્ખા અને દિવ્ય બનાવી દેવામાં આવ્યા હતા. દરેક સભ્યના ચહેરા પર થાક નહોતો, પરંતુ સેવા કરવાનો આનંદ અને પ્રભુભક્તિનો તેજ ઝળહળતો હતો. આ દ્રશ્યો ખરેખર પ્રેરણાદાયી અને ભાવવિભોર કરી દે તેવા!

સાંજે ચોવીયાર પ્રતિક્રમણ બાદ રાત્રે ૯:૦૦ કલાકે પ્રભુ ભક્તિભાવનાનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાચીન અને અર્વાચીન સ્તવનો, ભાવભરી ભક્તિ, ચામર નૃત્ય અને પ્રભુપ્રતિની લાગણીથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. ભક્તિભાવનામાં હાજર દરેક ભાવિક એટલા ભાવવિભોર બની ગયા હતા કે સમય ક્યારે પસાર થઈ ગયો તેની ખબર જ પડી નહીં. આખું તીર્થ ભક્તિરસમાં તરબોળ બની ગયું હતું.

તા. ૨૨ માર્ચના રોજ નવકારશી બાદ સવારે ૧૦:૧૫ કલાકે વિધિ-વિધાનપૂર્વક અઢાર અભિષેકનો મંગલ પ્રારંભ કરવામાં આવ્યો હતો. દરેક જિનાલયોમાં અઢાર અભિષેક માટેની ઔષધિઓ, જળ અને જરૂરી તમામ સામગ્રી પહોંચાડવાનું ખૂબ જ સુંદર અને સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. અભિષેકની દરેક ધારા સાથે ભક્તોના મનમાં અદભૂત શાંતિ, આનંદ અને પવિત્રતાનો અનુભવ થઈ રહ્યો હતો. અભિષેક દરમિયાનનું વાતાવરણ અત્યંત દિવ્ય અને ભાવમય બની ગયું હતું. દરેકના હૃદયમાં એવું લાગી રહ્યું હતું કે જાણે પ્રભુની કૃપા ધારા સ્વરૂપે વરસી રહી હોય. સૌ કોઈ ભક્તિ અને ભાવધારામાં ઓતપ્રોત થઈ ગયા હતા.

# નલિયા તીર્થે જિનાલય શુદ્ધિકરણ તેમજ અઢાર અભિષેકનું ભવ્ય આયોજન થયુ













અઢાર અભિષેક પૂર્ણ થયા બાદ દર્શનશુદ્ધિ પરિવાર અને શેઠ શ્રી નરશીનાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ દ્વારા પરસ્પર અભિવાદન અને અનુમોદના કરવામાં આવી હતી. આ પ્રસંગ ખૂબ જ આત્મીય અને લાગણીસભર રહ્યો હતો.

બપોરે સકલ સંઘ સાથે શેઠ શ્રી નરશીનાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ તરફથી મહાજનશ્રીના રસોડે સ્વામિવાત્સલ્યનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. ખૂબ જ પ્રેમ, આત્મીયતા અને ભાવથી સ્વામિવાત્સલ્ય યોજાયું હતું. તેમજ ટ્રસ્ટ તરફથી રાત્રિ ભક્તિભાવનામાં અને અઢાર અભિષેક બાદ પ્રભાવના પણ કરવામાં આવી હતી.

દર્શનશુદ્ધિ પરિવારના સભ્યોના રહેવાની સુંદર વ્યવસ્થા શ્રી નલિયા મહાજનના અતિથિ ભવન તેમજ શ્રી ચંદ્રપ્રભ અતિથિ ભવનમાં કરવામાં આવી હતી. બંને દિવસ ભોજનની ઉત્તમ વ્યવસ્થા મહાજનશ્રીના રસોડે કરવામાં આવી હતી. સમગ્ર આયોજન દરમિયાન ટ્રસ્ટીશ્રીઓ, સ્થાનિક નલિયાવાસીઓ અને નાના મોટા સહુ કાર્યકરોનો ઉત્તમ સહયોગ મળ્યો હતો. તેમની સેવા, સહકાર અને વ્યવસ્થાપન માટે અમે હૃદયપૂર્વક આભારી છીએ.

દર્શનશુદ્ધિ પરિવાર સાથે ગાયક, વિધિકાર અને ફોટોગ્રાફર પણ સાથે જ હોવાથી સમગ્ર આયોજન ખૂબ જ સુવ્યવસ્થિત, ભવ્ય, દિવ્ય અને સ્મરણિય બની શક્યું હતું. આ બે દિવસ દરમિયાન ભક્તિ, સેવા, સંયમ, સહકાર અને સંગઠનનો અદભૂત સમન્વય જોવા મળ્યો હતો.

# નલિયા તીર્થે જિનાલય શુદ્ધિકરણ તેમજ અઢાર અભિષેકનું ભવ્ય આયોજન થયુ












આ સમગ્ર કાર્યક્રમ માત્ર એક આયોજન નહોતું, પરંતુ ભક્તિનો ઉત્સવ, સેવાનો અવસર અને પુણ્ય એકત્રિત કરવાનો પવિત્ર પ્રસંગ બની રહ્યો હતો. આવા પવિત્ર કાર્યો દ્વારા તીર્થપ્રતિની ભક્તિ, શાસનપ્રતિની શ્રદ્ધા અને પરસ્પર એકતા વધુ મજબૂત બને છે એ વાત આ આયોજન દ્વારા સ્પષ્ટ અનુભવી શકાઈ હતી.

અંતમાં શ્રી ચંદ્રપ્રભપ્રભુના ચરણોમાં પ્રાર્થના કે આવાં પવિત્ર અને શાસનપ્રભાવના કાર્યો કરતા રહેવાનો અવસર વારંવાર પ્રાપ્ત થાય અને સૌમાં આવી જ ભક્તિ, શ્રદ્ધા અને સેવા ભાવના વધતી રહે.

# નલિયા તીર્થે જિનાલય શુદ્ધિકરણ તેમજ અઢાર અભિષેકનું ભવ્ય આયોજન થયુ







લિ.શેઠ શ્રી નરશીનાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ
ટ્રસ્ટ બોર્ડ


૧) શ્રી મોતીચંદ લાલજી ખોના (મુલુંડ) - ૯૮૩૩૮૭૫૩૩૫
૨) શ્રી કલ્યાણજી ચાંપશી છેડા (ઘાટકોપર) - ૯૮૯૨૧૯૬૪૨૫
૩) શ્રી નરેશ ભવાનજી મોમાયા (ઘાટકોપર) - ૯૮૨૧૧૫૬૯૭૫
૪) શ્રી સમીર લક્ષ્મીચંદ નાગડા (ઘાટકોપર) - ૯૬૧૯૬૭૮૧૮૭
૫) શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા (મુલુંડ)- ૯૮૨૧૦૭૩૮૩૦
૬) શ્રી વિજય વર્ધમાન ખોના (ગોવંડી)- ૯૮૨૧૦૨૭૮૭૪
૭) શ્રી ચેતન લહેરચંદ નાગડા (ડોંબિવલી) - ૯૮૨૦૧૦૫૦૭૮

॥ णमोत्थुणं समणस्स भगवओ महावीरस्स ॥

॥ नमामि नित्यं गुरु रामचन्द्रम् ॥ ॥ नौमि श्री श्रेयांसप्रभं सूरीन्द्रम् ॥

સ્વાગતમ્.... સ્વાગતમ્....

## દર્શન શુદ્ધિ પરિવાર

## શેઠ નરશી નાથા ચેરિટી ટ્રસ્ટ ફંડ નો રૂણ સ્વીકાર

અમારા દર્શન **શુદ્ધિ પરિવારનો** કંઈક પુણ્યોદય જાગ્યો હશે કે અમોને **કચ્છના** કોહિનૂર સમાન આ પ્રાચીન ભવ્ય જિનાલયો ને જુહારવાનો સુંદર અવસર પ્રાપ્ત થયો. સુવિશાલ ગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.**શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મહારાજા** ના દિવ્ય આશિષ તેમજ અમારા ઉપકારી ગુરૂદેવ દર્શન શુદ્ધિ પરિવારના માર્ગદર્શક પ્રસિદ્ધ પ્રવચનકાર પ.પૂ.આ.ભ.શ્રીમદ્ **વિજય શ્રેયાંસપ્રભસૂરીશ્વરજી મહારાજા** ની કૃપા સતત અમ પર વરસી રહી છે એમ માનવૂ જ રહ્યું.અમે તે **નરશી નાથા શેઠ** ની હૃદયથી અનુમોદના કરીએ છીએ જેઓ એ ગરવા ગિરીરાજ ઉપર, પોતાના વતનમાં અને અનેક જગ્યાએ જીનાલયો બંધાવી જીવનને સાર્થક કરી દીધો. અમે તે ટ્રસ્ટી ગણની અનુમોદના કરીએ છીએ જેઓ આજ સુધી આ સંઘની પેઢીનુ અને ત્યાંના વહીવટ નુ સુચારુ રૂપ સંચાલન કરે છે. અમે તે ગ્રામ વાસીઓની અનુમોદના કરીએ છીએ જેઓએ આ **ચંદ્રપ્રભુ દાદાની** વર્ષોથી પૂજા - અર્ચના કરી જબરદસ્ત પુણ્ય નુ ભાથું બાંધ્યું છે. અમે તે તમામ જીવોની અનુમોદના કરીએ છીએ જેઓએ એક અનમોલ રત્ન સમાન આ જિન ચૈત્યને ૨૫૦ વર્ષથી અધિક સુધી ટકાવી રાખ્યું. આ ધરોહર આજની પેઢી સુધી અને ભવિષ્યની પેઢી સુધી અડિખમ પહોંચે એમાં શ્રી ટ્રસ્ટ મંડળ નો મોટો ફાળો હોય છે. એમાં ખાલી સહાયક અથવા તો એક પૂરક બનવાનો અવસર અમારા દર્શન શુદ્ધિ પરિવાર ને મળ્યો. શ્રી નલિયા તીર્થ નું શુદ્ધિકરણ તેમજ ૧૮ અભિષેકનું મંગલ અનુષ્ઠાન કરવા પરવાનગી આપી તે બદલ અમે આપના રૂણી રહેશું. આપે બધી જ વ્યવસ્થા ખૂબ સુંદર રીતે ગોઠવી આપી છે. પેઢીના મહેતાજીએ તેમજ પૂજારી અને તમામ સ્ટાફે અમને બધી રીતે સહાયરૂપ બન્યા છે. અમે તે સર્વેનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આ જિન ભક્તિના અવસરે **શેઠ નરશી નાથા ટ્રસ્ટ ફંડ** ના ટ્રસ્ટી ગણને,મુનીમજીને, પુજારી - સ્ટાફને અમારા પરિવારના કમિટીથી અથવા અમારા યુવા સભ્યોથી જાણતા અજાણતા કોઈ પણ અવિવેક ભર્યો વ્યવહાર થઈ ગયો હોય તો અમે મિચ્છામી દુક્કડમ્ માંગીએ છીએ. 🙏

ફરીથી ભવિષ્યમાં અમને આવો ભક્તિનો અવસર પ્રદાન કરે, શાસન સેવાના કાર્યોમાં યાદ કરે એ નલિયા સંઘને વિનંતી. અને આપણે સહુ પરમાત્માનું શાસન પંચમકાળ ના છેડા સુધી ટકાવી રાખવામાં કંઈક નિમિત બનીએ એજ **શ્રી ચંદ્રપ્રભુ દાદા** ને હૃદયસ્ત પ્રાર્થના.

લિ. દર્શન શુદ્ધિ પરિવાર

9819027262 / 9769808072 8080437172

darshanshuddhiparivar dsp_ darshanshuddhiparivar darshanshuddhiparivar@gmail.com

# દેવલાલી નગરે પરેશ રાયચંદ ધરમશીના આશાપુરા એસ્ટેટ કન્સલન્ટન્ટના નવા વાસ્તુમાં મંગલ પ્રવેશ યોજાયો








કુળદેવી શ્રી અંબે માઁની અસીમ કૃપાથી, પ.પૂ.ગુરૂદેવ શ્રી યશમલાશ્રીજી મ.સા.ના આશીર્વાદ તથા પ.પૂ.સાધ્વીશ્રી રચિતા મહારાજ સાહેબના માંગલિકથી ચૈત્ર સુદ એકમ તા.૧૯ માર્ચ ૨૦૨૬ ગુરૂવારના ગુડી પડવાના શુભ મુહૂર્તે અમારા વ્યવસાય પ્રતિષ્ઠાનના નવા વાસ્તુમાં મંગલ પ્રવેશ પ્રસંગે ઉદ્‌ઘાટન સમારોહનું આયોજન કરેલ.



શ્રી કચ્છી દશા ઓસવાલ દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘના કર્મનિષ્ઠ પ્રમુખ મુકેશભાઈ જાદવજી ધરમશીના જીવન સંગિની સૌ. વિપુલાબેનના કરકમલો દ્વારા રિબીન કાપીને વિધિવત શુભ શરૂઆત કરવામાં આવી. આ શુભકાર્યમાં સૌ. વિપુલાબેનને સૌ. લતાબેન મધુકર ધરમશી અને સૌ. કલ્પના તિલકચંદ મૈશેરીએ સાથ આપેલ. આ પ્રસંગે શ્રી કચ્છી દશા ઓસવાલ દેવલાલી નાસિક રોડ સેવાભાવી જૈન સંઘના માનનીય પ્રમુખ મુકેશભાઈ જાદવજી ધરમશી, શ્રી સંઘના પદાધિકારીઓ વ્યવસ્થાપક સમિતિના સૌ સભ્યો સાથે દેવલાલી સ્થિત શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન સંઘના સભ્યો અને અન્ય મહાનુભાવો એ અમારા આમંત્રણને સ્વીકારી રૂબરૂ હાજર રહી આશીર્વાદ અને શુભેચ્છાઓ આપી હતી. અન્ય મહાનુભાવોમાં સાંસદ રાજાભાઉ વાજે, વર્તમાન નગરસેવક ચંદ્રકાંત ગોડસે તથા ભૂતપૂર્વ નગરસેવક દિનકર પાલદેની ગરિમામય ઉપસ્થિત રહી હતી.

# વરાડીયા નગરે ચૈત્ર માસની શાશ્વતી આયંબિલ ઓળીની આરાધના





પ.પૂ.સાધ્વી શ્રી જયધર્માશ્રીજી મ.સા.ની પાવન નીશ્રામાં ઘણા વર્ષો પછી વરાડીયામાં ચૈત્ર માસની ૯ દિવસની આયંબિલ ઓળીની આરાધના થઈ રહેલ છે. તા. ૨૪ માર્ચથી શરૂ થયેલ છે. શ્રી પીર પરીવાર, વરાડીયા હસ્તે સૌ. પ્રવિણાબેન પ્રતાપ મુલજી પીર લોડાયા (વરાડીયા-કાંજુરમાર્ગ, મુંબઇ લાભાર્થી પરીવાર છે.

દૈનિક કાર્યક્રમ : સવારે ૭.૦૦ કલાકથી પૂજા-દેવ વંદન, સવારે ૯.૧૫ કલાક ભક્તામર સ્તોત્ર પઠન તથા વ્યાખ્યાન, સાંજે ૪.૦૦ કલાક સિધ્ધ ચક્ર આરાધના, સાંજે ૬.૩૦ કલાક દેવ વંદન, ૭.૦૦ કલાક પ્રતિક્રમણ, ૮.૩૦ કલાક ભક્તિ ભાવના-આરતી.

૧૦ ભાવિકો આયંબિલ ઓળીની આરાધનામાં જોડાયાં છે.

૧. રતિલાલ શામજી મોમાયા, ૨. દીપક ગંગાજર ડાઘા, ૩. સૌ. આશાબેન દીપક ડાઘા, ૪. કિરીટ ધનજી મોમાયા, ૫. સૌ. આશાબેન કિરીટ મોમાયા, ૬. મા. ચંદનબેન સોમચંદ મોમાયા, ૭. સૌ. અનુપમાબેન આણંદજી ડાઘા, ૮. મા. સરલાબેન ઠાકરશી ડાઘા, ૯. મા. પ્રેમીલાબેન જયંત કુરૂવા, ૧૦. મા. કલ્પનાબેન ટોકરશી લોડાયા.



# શ્રી ડાઘા મોમઈ માઁ મિત્ર મંડળ વરાડીયા દ્વારા સંચાલિત કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદા મંદિરોનું ધ્વજારોહણ મહોત્સવ યોજાયો







કચ્છ વરાડીયામાં ડાઘા કુળદેવી શ્રી મોમઈ માતાજી તથા શ્રી ભલારા દાદાના મંદિરનો ધ્વજારોહણ મહોત્સવ સં.૨૦૮૨ ચૈત્ર સુદ ચોથ- પાંચમ, રવિ- સોમવાર, તા. ૨૨/૨૩ માર્ચ ૨૦૨૬ નો લાભ આ વર્ષે મા. હીરબાઈ રામજી વેલજી ડાઘા પરીવાર હસ્તે શ્રી ખુશ મહેશ રામજી ડાઘા એ લીધેલ.

લાભાર્થી પરીવારને તા. ૨૨ માર્ચના સાંજે શ્રી ભલારા દાદાનો પાઠનો લાભ મળેલ. દાદાના સ્થાનમાં પાઠ વિધિકાર દીપક ગંગાજર ડાઘાએ માંડેલ.

લાભાર્થી પરીવારને બીજે દિવસે તા. ૨૩ માર્ચના શ્રી મોમઈ માતાજી, શ્રી ભલારા દાદા તથા શ્રી સતી માતાજીની પહેડી તથા ધ્વજારોહણનો લાભ મળેલ. ભુવાશ્રી આણંદજી ભાણજી ડાઘાએ પહેડી જુહારવાની વિધિ કરેલ.

કુળદેવીશ્રી મોમઇ માતાજીને નમતા ઘણા ભાવિકો મુંબઈ તથા ભુજ આસપાસથી પધાર્યા હતા.



# કેડીઓ સીએ એસોસિએશનના વર્તમાન પદાધિકારીઓ તથા કમિટી મેમ્બર વરાયા

ગૌતમ વેલજી શાહ ડાઘા (વરાડીયા-મુલુંડ)-પ્રમુખ, હિતેશ મણીકાન્ત ધરમશી-(કોઠારા-ઘાટકોપર)-ઉપપ્રમુખ, દેવાંગ કુમાર દંડ (તેરા- ભાંડુપ)- સેક્રેટરી, રાજ મુકેશ ખોના (ગોરખડી-ઘાટકોપર)-ટ્રેઝરર.

કમિટી મેમ્બર : ચાર્વિક નીતિન મોમાયા (વરાડીયા-ભાંડુપ), સૌ. દિવ્યા સમીર મોમાયા (વરાડીયા-થાણે), કુ. નીતા પદમશી ધરમશી (સુથરી-મુલુંડ), સૌ. પાયલ મેહુલ મૈશેરી (નલિયા-ઘાટકોપર), સૌ. પૌલોમી યોગેશ ધરમશી (લાલા-મુલુંડ).

પ્રોગ્રામ સમાપન વખતે નિમાયેલા નવા પદાધિકારીઓ : પ્રમુખ : હિતેશ ધરમશી, ઉપ પ્રમુખ : દેવાંગ દંડ, સેક્રેટરી : રાજ ખોના, ટ્રેઝરર : પૌલોમી ધરમશી

# કાંતિલાલ ગાંગજી વોરા ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ પાયોનિયર એવોર્ડથી સન્માનિત





રંગપુર હાલે કોઈમ્બતુરના કાંતિલાલ ગાંગજી વોરાની કપાસક્ષેત્રમાં તેમની દીર્ઘ અને બહુમૂલ્ય સફરની કદર કરતાં સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્સટાઈલ મેનેજમેન્ટ દ્વારા ટેક્સલેન્સ ૨૦૨૬ અંતર્ગત ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રીઝ પાયોનિયરના એવોર્ડથી સન્માનિત કર્યા.

આ અગાઉ વર્ષ ૨૦૧૯માં તેઓને ભારતીય કોટન ફેડરેશન દ્વારા લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપી કોટન ઈન્ડસ્ટ્રીઝમાં તેમના દાયકાઓ સુધી કરેલ સમર્પણ અને નેતૃત્વના કદરરૂપે સન્માનિત કરાયા હતા.

તેઓ આ ઉપરાંત અનેક સામાજિક સેવા સંગઠન સંસ્થાઓમાં પણ સક્રીય રીતે જોડાઈ સેવાભાવથી સર્મપિત રીતે સંકળાયેલા છે.

કાંતિલાલભાઈ વોરા આ સન્માન માટે માર્ગદર્શકો, સહયોગીઓ, શુભેચ્છક મિત્રો અને ધર્મપત્ની શ્રીમતી લતાબેન વોરાનો મનઃપૂર્વક આભાર માન્યો હતો.

આ ગૌરવ સન્માન મેળવવા માટે કાંતિલાલભાઈ ગાંગજી વોરાને શત શત અભિનંદન.

# મહારાષ્ટ્ર રાજ્યના લોક ભવનના શામિયાણમાં ઐતિહાસિક ૬૪ દીક્ષા અભિવાદન સમારોહ અંતર્ગત હિતેન્દ્ર મોતા, નિશાબેન મોતાનું બહુમાન કરાયું



જૈનાચાર્ય શ્રીયોગતિલકસૂરિજીની પાવન વાણીના પ્રભાવથી સંપન્ન થયેલ ઐતિહાસિક ૬૪ દીક્ષા મહોત્સવનું અભિવાદન સમારોહ અંતર્ગત મહારાષ્ટ્ર રાજ્યના લોકભવન-રાજભવનમાં શામિયાણામાં અધ્યાત્મ પરિવારના ટ્રસ્ટી તથા જ્ઞાતિ મોભી શ્રેષ્ઠી હિતેન્દ્ર માણેકજી મોતા તથા ધર્મપત્ની શ્રીમતી નિશાબેન મોતાનું ઉપરાષ્ટ્રપતિ સી.પી.રાધાકિષ્ણનના હસ્તે રાજ્યના રાજ્યપાલ જિશનુ દેવ વર્મા તથા મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની ગરિમામય ઉપસ્થિતિમાં બહુમાન કરાયું

# વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓ.બેન્ક લિ.ના ચેરમેન પદે શ્રીમતી મધુરીબેન નવીનચંદ્ર દંડની બિનહરીફ વરણી કરાઈ



કચ્છ લાલા-હાલે વેરાવળના શ્રીમતી મધુરીબેન નવીનચંદ્ર હીરજી દંડ સૌરાષ્ટ્ર ક્ષેત્રની અગ્રેસર કો.ઓપરેટિવ બેંક ધી વેરાવળ મર્કન્ટાઈલ કો.ઓ.બેંક લિમિટેડના ચેરમેન તરીકે બિન હરીફ વરણી કરાઈ છે.

સંભવિત રીતે સમગ્ર કો.ઓપરેટિવ બેકિંગ સેક્ટરમાં કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિના પ્રથમ મહિલા ચેરમેન પદે બિરાજમાન થવાનું ગૌરવ પ્રાપ્ત થયેલ છે. આ અગાઉ તેમના પતિ અને કુશળ સંચાલક નવીનચંદ્ર હીરજી દંડ છેલ્લા એક દાયકાથી સદર બેંકના લગાતાર રીતે ચેરમેન પદે રહ્યાં હતા અને સૂઝબૂઝથી બેંકને પ્રગતિ પંથે દોરી હતી અને વિવિધ ઈનામો અપાવ્યા હતા. વિવિધ સીમાચિહ્નો સફળતાપૂર્વક પાર કરી ધી વેરાવળ મર્કન્ટઆઈલ કો.ઓ.બેંક લિમિટેડ ટૂંક સમયમાં જ શિડ્યુલ બેંકનો દરજ્જો પ્રાપ્ત કરશે.

શ્રીમતી મધુરીબેન દંડને ગૌરવપ્રદ એવા ચેરમેન તરીકે વરણી થવા બદલ હાર્દિક અભિનંદન સાથે કાર્યકુશળતાથી બેંકના વિકાસ ગ્રાફને ઉત્તરોત્તર રીતે ગગન ગામી બનાવે એવી શુભેચ્છા.

# સંજીવની કેસ નં.૨૨૬ માટે જરૂરી ભંડોળ રૂા.૩૩ હજાર ક્રાઉડ ફંડિંગ દ્વારા તત્કાળ જમા થઈ ગયા




નાના ખાવડી-ડોંબિવલીના લખમશી શાહ-લુઠિયા ઉ.વ.૭૦ને ડાયાબિટીસ છે. પગના અંગૂઠામાં સોજો, નેક્રોસિસ અને ગેંગરીન થઈ ગયું છે. જે માટે સર્જરી કરવી જરૂરી હોવાની તબીબની સલાહ છે. દર્દી પોતે નિવૃત્ત છે. પત્ની વાંકીમાં ભોજનાલયમાં નોકરી કરે છે. પુત્ર જથ્થા બંધ દુકાનમાં સેલ્સમેન તરીકે જોબ કરી લઘુતમ વેતન મેળવે છે. તેમનો કોઈ મેડિક્લેમ સપોર્ટ નથી કે નથી કાઈ બચત.

કપરી પરિસ્થિત આવી પડવાથી તેઓએ મેડિકલ સમિતિ પાસે સંજીવની યોજના અંતર્ગત અરજી કરી. જેના પ્રતિસાદમાં ક્રાઉડ ફંડિગ શરૂ કરાયું. નામ માત્ર સમય દરમ્યાન જોઈતી જરૂરી રકમ જમા થઈ જતાં ક્રાઉડ ફંડિગ અટકાવી દેવાયું. હર વખતની જેમ ઉદારદિલ વ્યક્તિગત દાતાઓ, મહાજન, ટ્રસ્ટ, મંડળ, એકમો એ જે ઉદારતા બતાવી ભ્રાતૃભાવ દર્શાવ્યો છે જે સરાહનીય છે. સૌની ભૂરી ભૂરી અનુમોદના.

# શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ અને અનંત ડાયગ્નોસ્ટિકસના ઉપક્રમે રોગ વિષયક ઉપયોગી સેમિનારનું આયોજન

જ્ઞાન એ શક્તિ છે. પોતાના રોગ વિષે જાણવું, તેને રોકવા તથા આગળ ઉપચાર કરવા વિશેની સમજણ હોવી જરૂરી છે. જે સ્વસ્થ થવાનો શ્રેષ્ઠ માર્ગ છે.

શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ અને અનંત ડાયગ્નોસ્ટિકસના સંયુક્ત ઉપક્રમે તા.૪ એપ્રિલ શનિવારના બપોરના ૩ કલાકથી ધ પ્લેસ, મેરેથોન મેકિસમાં, એલ.બી.એસ.માર્ગ, સોનાપુર સિગ્નલ પાસે, મોતીનગર, મુલુંડ પશ્ચિમ સ્થળે એક માહિતી સભર સેમિનારનું આયોજન કરાયું છે. જેમાં સહભાગી થવા માટે સૌ ઈચ્છુકજનોને આમંત્રણ છે. પ્રત્યક્ષ નોંધણી બપોરે ૨.૩૦ વાગે શરૂ થશે. અગાઉથી રજિસ્ટ્રેશન કરાવું જરૂરી છે. જે માટે મો.નં.૮૮૭૯૯૯૦૯૮૭ ઉપર સંપર્ક કરી સીટ બુક કરાવશો. સીમિત બેઠકો ઉપલબ્ધ છે. રજિસ્ટ્રેશન માત્ર રૂા.૧૦૦ જે રીફંડેબલ છે.

પ્રૌઢ અને બાળકોમાં અસ્થમા વિષે હોમિયોપેથિક કન્સલ્ટન્ટ ડૉ. અર્પણા નાગડા બપોરે ૩ વાગે તથા બપોરે ૪ વાગે ફંગલ ઈન્ફેક્શન અને સામાન્ય ત્વચાની સંભાળ વિષે સુપ્રસિધ્ધ ડર્મેટોલોજિસ્ટ ડૉ. મંજુષા કુરૂવા માહિતી આપશે. તો આવો તજજ્ઞ તબીબોને સાંભળો, તેમની સાથે ચર્ચા કરો, નિષ્ણાત ડૉક્ટરોની સલાહનો લાભ મેળવો. વિશેષ ડિસ્કાઉન્ટ કૂપન આપવામાં આવશે.




શ્રી સમસ્ત કેડીઓ જૈન મહાજન,
મેડિકલ સમિતિ

KDO SANJIVANI

કેડીઓ સંજીવની
માટેની વિગતવાર માહિતી માટે તથા મેડિકલ સહાય માટે

સંપર્ક:

મનીષા શાહ 98695 76527
ડો. ધારિણી નાગડા 98197 22300
ભરત મૈશેરી 98200 58048
રમેશ મોતા 98196 55259

# આગામી સમય દરમ્યાન થનારા કેડીઓ જ્ઞાતિના વિવિધ કાર્યક્રમોની યાદી

**શ્રી ક.દ.ઓ. જ્ઞાતિમાં વિવિધ સંસ્થાઓ, મહાજનો, સંઘો દ્વારા ધાર્મિક, સાંસ્કૃતિક, સામાજિક અને શૈક્ષણિક ઉપયોગી પ્રવૃત્તિઓ આગામી માર્ચ થી એપ્રિલ થી માસ દરમ્યાન થવાની નિર્ધારીત છે. તેની તારીખ અને ટૂંકમાં વિગત અત્રે આપી છે. જે જ્ઞાતિજનોને ઉપયોગી થશે.**

| | |
|---|---|
| તા.૩૧ માર્ચ ૨૦૨૬ | નલિયામાં મોતા ફળિયામાં બિરાજમાન ધરમશી કુળદેવી શ્રી અંબે માતાજીના ભોઇ માની તથા શ્રી ખેતરપાળ દાદાના ભુવા શ્રીના બાના (ગંધી) બદલી વિધાન તથા પહેડી. ૯૯૩૦૦૩૯૮૮૮/ ૯૭૬૫૭૧૬૧૫૧ |
| તા. ૩૧ માર્ચ થી ૦૨ એપ્રિલ ૨૦૨૬ | શ્રી ભલારા દાદા ટ્રસ્ટ લાલપુર આયોજિત લાલપુરમાં ચૈત્રી પુનમ મહોત્સવ |
| તા. ૪ એપ્રિલ ૨૦૨૬ | ૩ થી ૫ વાગ્યે શ્રી નરશી નાથા મેડિકલ ટ્રસ્ટ અને અનંત ડાયગ્નોસ્ટિક્સ દ્વારા આયોજિત માહિતી સભર સેમિનાર |
| તા. ૬/૭ એપ્રિલ ૨૦૨૬ | શ્રી દાદા ભલારા દેવ સ્થાનક, રવાઃ ચતુર્થ ધ્વજારોહણ મહોત્સવ : ૯૫૭૯૭૮૭૮૦૦ |
| તા. ૧૦ એપ્રિલ ૨૦૨૬ | વાકુંમાં બિરાજમાન વાકું-સાયરા-જખૌના શ્રી સોની પરિવારના કુળદેવી શ્રી અંબે માતાજીનો ત્રીજો ધ્વજારોહણ મહોત્સવ વાકું સ્થાનકે |
| તા. ૧૧ એપ્રિલ ૨૦૨૬ | શ્રી સમસ્ત ક.દ.ઓ. સચ્ચાઇ પરિવાર આયોજિત શ્રી સચ્ચાઇ માતાજીની સમૂહ પહેડી- આર.આર.સભાગૃહ, મ્હાડા કોલોની, મુલુંડ ઈસ્ટ. સાંજે ૪.૦૦ કલાકથી. |
| તા. ૧૯ એપ્રિલ ૨૦૨૬ | શ્રી અખિલ ભારત અચલગચ્છ (વિધિ.) શ્વે. જૈન સંઘ આયોજિત વરસીતપ પારણા રિચર્ડસન ક્રુડાસ, મુલુંડ વેસ્ટ. રજી. અંતિમ તા. ૧૪.૦૨.૨૬. સંપર્કઃ ૯૮૨૦૫૬૫૨૬૧ |
| તા. ૧૯ એપ્રિલ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. અચલગચ્છ જૈન શ્વે. મુ. સંઘ, પારોલા આયોજિત પ.પૂ.સાધ્વી શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા.ની નિશ્રામાં વર્ષીતપ પારણા મહોત્સવ પારોલા. |
| તા. ૨૩ એપ્રિલ ૨૦૨૬ | ભાંડુપ-શ્રી આદિનાથ દાદા જિનાલય નૂતનીકરણ નિમિત્તે શિલાન્યાસ. |
| તા. ૨૩ થી ૨૫ એપ્રિલ ૨૦૨૬ | શ્રી ભલારા દાદા મૂળ સ્થાનક તથા કુળદેવી શ્રી સચ્ચાઇ માતાજી મંદિર ૧૦ મુ ધ્વજારોહણ મહોત્સવ. |
| તા. ૨૭ થી ૨૯ એપ્રિલ ૨૦૨૬ | શ્રી ક.દ.ઓ. જિનેન્દ્ર સાગરસુરી બોર્ડિંગ, ધુલિયાના શ્રી મુનિસુવ્રતસ્વામીના જીર્ણોદ્ધાર બાદ નવ નિર્મિત જિનાલય પ્રતિષ્ઠા મહોત્સવ. |

## જ્ઞાતિમૈયા માટે આપના વ્યક્તિગત તેમજ સંસ્થાકીય સમાચારો ફોટા સાથે મોકલાવો

**Email : gyatimaiya2018@gmail.com**

**Whats App : 93222 57731**

**Read E-Paper http://www.kdosm.org**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

**B-3, Krishna Kunj, Valji Laddha Road, Mulund (West) Mumbai - 400 080.**

# ભાવભીની શ્રદ્ધાંજલિ



**ખુશાલચંદભાઈ મૈશેરી**
તા.૨૧ માર્ચ (ઉ.૭૮)
જખૌ–ડોંબિવલી



**પ્રેમીલાબેન લોડાયા**
તા.૨૨ માર્ચ (ઉ.૭૩)
સાંધવ–હાલોલ



**નલિનીબેન ખોના**
તા.૨૬ માર્ચ (ઉ.૮૭)
જખૌ–અમદાવાદ

**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉંમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

## બેંક અકાઉન્ટની વિગત

### For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West), Mumbai - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**



# વતનજા વાવડ ...

– સં. રાજન ચંદે 'ધૂણી'

● ભુજના સેડાતા પાસેના કચ્છના એક માત્ર પંચતારક કેટેગરીવાળા ટાઈમ સ્કેવર રિસોર્ટ એન્ડ સ્પાને ગ્રાહકોના શ્રેષ્ઠ અનુભવ, શ્રેષ્ઠ સેવાનો અને સારી માળખાકીય સુવિધાઓ માટે ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ઉપમુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીના હસ્તે એવોર્ડ એનાયત કરાયો. સેડાતા પાસેના રિસોર્ટમાં મહેમાનોને નૈર્સગિક અને શાંત વાતાવરણ સારું ભોજન ઉચ્ચ પ્રકારની મહેમાન ગતિ માટે આ એવોર્ડ માટે પસંદગી કરાઈ છે. લક્ઝરી ટ્રાવેલીંગ ડેસ્ટિનેશન વેડિંગ, કોર્પોરેટ ઈવેન્ટ માટે જાણીતું આ રિસોર્ટ ૧૦૮ એકરમાં ૪૦ હોટલ રૂમ ૧૦૦ વીલા રૂમ, ૩ પ્રિમિયમ ડાઈનિંગ, ૨ બેન્કવેન્ટ ઉપરાંત વેલનેસ અને સ્પાના સુવિધા ધરાવે છે.

● મુંબઈ પરિસરના થાણા જિલ્લાની અંબરનાથ મ્યુનિસિપાલિટીની ચૂંટણીમાં વોર્ડ નં.૧૦માંથી શિવસેના શિંદે જૂથમાંથી ભાજપના પ્રત્યાક્ષીને હરાવી મૂળ માંડવી તાલુકાના કોડાયના રઘુવંશી સમાજના વિકાસ હેમરાજ સોમેશ્વર વિજય મેળવ્યો હતો. ૪૦ વર્ષ પછી અહીં કોઈ ગુજરાતીનો સ્થાનિક સ્વરાજની ચૂંટણીમાં વિજય થયો છે. આ વિજયથી કચ્છી સમાજ અને ગુજરાતીઓમાં આનંદ પ્રવર્ત્યો હતો.

● જ્ઞાતિ સમાચાર માધ્યમોની દુનિયામાં અજાયબી કહી શકાય તેવી કચ્છી દશા ઓસવાળ જૈન સમાજની નિયમિત પ્રગટ થતી ખબર પત્રિકા ગણતંત્ર દિવસથી ચાર અંગ્રેજી ભાષાના ચાર પાના સાથે પ્રગટ થવાની શરૂ થઈ છે. એ બાદ સ્વીકૃતિ મળી જશે એટલે અંગ્રેજી પાના વધારવામાં આવશે. કવીઓ દેરાવાસી જૈન મહાજન અને કવીઓ સ્થાનકવાસી જૈન મહાજનની સંયુક્ત માલિકીની ખબર પત્રિકા માટે ૨૦ જણની સંયુક્ત પ્રકાશન સમિતિ છે. જેના પ્રમુખ તરીકે સ્થાનકવાસી મહાજનના પ્રમુખ એવા વિજ્ઞેશભાઈ ભેદા છે. નવી પેઢીને પત્રિકાની પ્રસિધ્ધિમાં સક્રિય કરવા ૧૫ થી ૨૦ જણ યુવાનોની ટીમ બનાવાઈ છે. જેમાંઅલગ અલગ વિષયના નિષ્ણાંત છે. હાલમાં ખબર પત્રિકાની ૨૩ હજાર પ્રિન્ટ છપાય છે. આ પત્રિકા ૯૫ વર્ષથી દરરોજ પ્રગટ થાય છે. જેમાં દરરોજ ૨૪ થી ૩૨ પેજ છપાય છે ક્યારેક ૬૦ પાના પણ થઈ જાય છે.

● આઈએમએ નેટકોન ૨૦૨૫-૨૬નું આયોજન અમવાદ ખાતે કરાયું હતું. જેમાં ઈન્ડિયન મેડિકલ સોસાયટી-આઈએમએ ભુજને ડૉ.વાય.ટી.પટેલ બેસ્ટ રૂરલ કમ્યુનિટી સર્વિસ એવોર્ડ એનાયત કરાયો. આઈએમએ ભુજના પ્રમુખ ડૉ.લવ કતિરા અને માનદમંત્રી ડૉ. આનંદ હીરાણીએ પ્રતિનિધિત્વ કર્યું હતું. તેમણે નિવેદન આપ્યું હતુ કે આ કોઈ એક વ્યક્તિની સિધ્ધિ નથી પરંતુ ગામડાના આરોગ્ય અને સમાજસેવામાં નિષ્ઠાપૂર્વક કાર્ય કરનારા અને અગાઉના વર્ષોના યોગદાન આપનાર પૂર્વ પ્રમુખો અને સંનિષ્ઠ પદાધિકારીઓની જહેમત પૂર્વકની સેવાઓનો છે.

● કેન્દ્ર અને રાજ્ય સરકાર યુવા શક્તિ ખેલકૂદમાં આગળ આવે તેવા ઉમદા હેતુસર પ્રોત્સાહન આપી રહી છે. ત્યારે કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ નજીક વિશાળ સ્ટેડિયમની કોઈ સુવિધા નથી તેવું જણાવીને ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલ, અંજારના ધારાસભ્ય અને રાજ્યમંત્રી ત્રિકમભાઈ છાંગા અને અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમન સિંહ જાડેજા એ સાથે મળી મુખ્યમંત્રી સમક્ષ રૂબરૂ મળીને આ માટે રમત ગમતના સંકુલ માટે આયોજન ગોઠવવા વિનંતી કરી છે. ભુજથી નજીક આઠથી દસ કિ.મી.ની ત્રિજ્યામાં આ માટે જમીન ઉપલબ્ધ થઈ શકે તેમ છે. જેમાં આધુનિક સુવિધા સભર સ્ટેડિયમ આકાર લઈ શકે તેમ છે એ પણ રજૂઆત કરાઈ છે. આગામી વર્ષોમાં ગુજરાત કોમન વેલ્થ ગેમ્સનું યજમાન થવાનું છે તથા ભવિષ્યમાં ઓલિમ્પિક ગેમ્સ યોજવાનો તખ્ખો મંડાઈ રહ્યો છે ત્યારે જિલ્લામાં આ સુવિધા રમત ગમત માટે ઉપયોગી થઈ રહેશે.

# ARIHANT BANK

## SHRI ARIHANT CO-OP. BANK LTD.

With **LOWEST INTEREST** Rates,
we are still very much **Co-operative**

★ STAMP FRANKING Now Available

HOME LOAN

CAR LOAN

eAUTO LOAN

2 WHEELER LOAN

GOLD LOAN

SOLAR LOAN

TRADE LOAN

LOAN AGAINST PROPERTY

*7.49% (p.a.)

*8.49% (p.a.)

*ROI linked to the CIBIL score.
Terms & conditions apply

**Head Office : GB-10 A&B, Karma Stambh, L.B.S. Marg, Vikhroli (West), Mumbai - 400 083**

| Bhandup (West) | Borivali (West) | Dombivli (East) | Ghatkopar (East) | Ghatkopar (West) |
|---|---|---|---|---|
| 86526 30381 | 86526 30390 | 86526 30386 | 86526 30383 | 86526 30385 |

| Masjid Bunder | Matunga | Mulund (West) | Thane (West) | Vashi | Kamothe |
|---|---|---|---|---|---|
| 86526 30384 | 86526 30389 | 86526 30382 | 86526 30388 | 86526 30387 | 86521 19656 |

**SADA AAPKE SANG, ARIHANT**

For More Details, Call Nearest Branch or

**Toll Free : 1800 221 984**

**Working Hours :** 10:30 am to 05:30 pm **(Except Bank Holidays)**

SADA AAPKE SANG, ARIHANT

www.arihantbank.com @ Arihant Bank